

# લગ્ન મૈત્રીનું શ્રેષ્ઠ સ્વરૂપ

જીવન સરગમ
બિન્દુબેન કચરા

શિલ્પા અને શ્યામના લગ્નને ત્રણ મહિના જ હજી પૂરા થયા હતા ત્યાં એક દિવસ શિલ્પા પંદર હજારનો ઈમિટેશન મોતીનો સેટ લઇ ઘરમાં પ્રવેશી. સાથે નવાં ટોપ, નવું પર્સ, નવાં ચંપલ બધું ખરીદી લાવી.

શ્યામને બતાવતાં કહેવા લાગી. બીજી પણ જવેલરી ખૂબ સુંદર હતી પણ હવે બીજી વાર લઇશ. તને ગમ્યું આ બધું?

શિલ્પાને મન ખરીદી એટલે રમતની વાત, કયાંક જાહેરખબરમાં જોયું કે કોઈના અંગ પર જોયું તરત જ લેવા દોડી જ સમજો. આ તે કેવી ઘેલછા? એક દિવસ એવો નથી ગયો કે શિલ્પાએ કોઇ માંગણી ન કરી હોય. શ્યામની કમાણી સારી હતી. નવોઢા પત્નીને સંતોષવા શ્યામ પૈસાનો વિચાર પણ કરતો ન હતો પણ તેના મનમાં થતું કે હજી હમણાં તો લગ્ન થયા. લગ્ન નિમિત્તે કેટલાંય દાગીના ને કપડાં ખરીદ્યાં છે. હજી તો બધાં પેટીપેક છે. છતાં આ કેવો મોહ? માત્ર કપડાં, દાગીના નહીં ખાણીપાણીનો ય એને ગજબનો શોખ. રોજ સાંજ પડે ને બહાર ખાવા જવાનું. જાતે રસોઇ બનાવીને પતિને કે ઘરનાંને જમાડવામાં રસ નથી. એનાં સાસુ શોભાબહેન કહે ચાલને શિલ્પા આજે આપણે આ નવી વાનગી બનાવીએ તો તરત જ બબડવા બેસી જાય. આટલું બધું થાકવાનું, એના કરતાં બજારમાંથી તૈયાર મંગાવી લો! સાસુમા વહુનો સ્વભાવ પામી ગયાં હતાં એટલે રસોડાની ઘણી ખરી જવાબદારી પોતે જ નિભાવતાં. બજાર જઇ તાજાં શાકભાજી, ફળફળાદિ લઇ આવતાં, બધાંને પસંદ પડે એવી સ્વાદિષ્ટ રસોઇ બનાવતાં. શિલ્પા જરા પણ રસોડામાં મદદ કરવા લાગતી નહીં. બસ પોતાની રૂમમાં બેસી ટી.વી. જુએ. આખો દિવસ મોબાઈલમાં ચિત્ત. નહીં એને સાહિત્યનો શોખ. નહીં બાગકામનો, નહીં સફાઈનો, નહીં કોઇ આર્ટનો, બસ, ભોગવિલાસ અને મોજમજામાં જ રચીપચી રહે. બસ મગજમાં એક જ ફાંકો મારો પતિ ખૂબ કમાય છે. મારે કામ કરવાની શી જરૂર છે? પરંતુ પતિ શ્યામને શિલ્પાની આ રીતભાત બિલકુલ પસંદ નથી, તે મનમાં અકળાય છે, મનમાં ગુસ્સો આવે છે પણ તે દાબીને બેસી રહે પણ એક દિવસ ધીરેથી કહ્યું- ‘‘તું સારાં કપડાં પહેરે, દાગીના પહેરે, મેકઅપ કરે બધું મને પસંદ પણ એક વાતનો ખ્યાલ રાખ કે મોજશોખ એ જીવન નથી, જીવન એના કરતાં ઘણું આગળ છે. ઘરમાં બેસી બેસીને ફકત ટીવી અને મોબાઈલ જ અમરાવવાના? સારાં પુસ્તકો વાંચ, કોઈ કલાસ જોઈન્ટ કરી કંઇ શીખ તો તારું વ્યક્તિત્વ કંઇ જુદું જ નિખરશે. તું આધુનિક માહિતીથી માહિતગાર થા, આ બધું કરવાથી તું એવી સમૃદ્ધિનો અનુભવ કરીશ કે એવી સમૃદ્ધિ બહુ ઓછા પાસે હોય છે. તારી પાસે સમય છે, પૈસા છે, તો એનો ઉપયોગ જીવનને સમૃદ્ધ કરવા કર. આ સાંભળી શિલ્પા શ્યામ પર ગુસ્સો કરી કહેવા લાગી, ‘‘મને કશામાં રસ નથી. આજ લગી બહુ ભણ્યાં, બહુ શીખ્યાં, બસ હવે મોજ-મસ્તી-ધૂમ! આ જીવન એના માટે જ તો છે.’’

શ્યામને થયું મેં શિલ્પાને સમજવામાં બહુ મોટી ભૂલ કરી છે! મેં જે જીવનસાથીની કલ્પના કરી હતી તે આશા ઠગારી નીવડી. શિલ્પાને મન મારી ખુશી શેમાં છે? એ જાણવાની-જોવાની કંઈ જ પડી નથી. લગ્નથી જોડાનાર દરેક પાત્ર ખેવના રાખે છે કે સામું પાત્ર એને સમજે. અન્યોન્યને સમજવાનો આધાર બંને પાત્રોના બૌદ્ધિક સ્તર, માનસિક પરિપકવતા અને નિષ્ઠા પર અવલંબે છે, નહીં કે ખોટા લાગણીવેડા પર.



અન્યોન્ય માટેનો પ્રેમ અને અન્યોન્ય પરનો વિશ્વાસ એ લગ્નજીવનના અણમોલ સ્તંભ છે. તમને તમારા સાથી માટે પ્રેમ છે એ દર્શાવવા કાયમ પ્રેમભરી મૃદુ વાણી બોલો, કદી રૂક્ષ કે તોછડા ન બનો, ‘બહુ બોલબોલ ના કર, ચૂપ રહે!’ ‘તને શું ખબર પડે?’ જેવા અપમાનજનક વાક્બાણ ના છોડો. ભૂલો કાઢવી અને મહેણાં મારવા સહેલાં છે પણ કાયમ યાદ રાખો કે

માનવીના હૈયાને નંદવાતાં વાર શી?
અધબોલ્યા બોલડે, થોડે અબોલડે
પોચા શા હૈયાને પીંજવામાં વાર શી?

મન તૂટે પછી સંધાતા વાર લાગે છે, તમે તમારા જીવનસાથીના જ છો એની પ્રતીતિ કરાવવાની એકે તક જતી ન કરો. તમારા હૈયામાં પ્રિયજન માટે નાજુક લાગણીઓ રમતી હોવી જ જોઈએ.

હોઠ હસે તો ફાગુન ગોરી
આંખ ઝરે તો શ્રાવણ
મૌસમ મારી તું જ

દિલનાં દ્વાર આપોઆપ ખૂલી જાય એની સાથે માત્ર રહેવું જ નહીં જીવવું ગમે.

વરકન્યાએ મંગલફેરા ફરતાં ગોરમહારાજ બોલાવે એ રીતે પ્રતિજ્ઞા લીધી હોય પણ સહજીવનના પાયામાં પતિ-પત્ની શું ઉમેરે છે એના પર દામ્પત્ય સુખનો આધાર છે.

અન્યોન્યની નાનામાં નાની સારી વાતની કદર કરવી ન ભૂલશો- ‘‘વાહ! શિલ્પા તું અને રસોડામાં... આજે તો ખાવાની મજા આવી ગઈ! તારું વ્યક્તિત્વ જ એવું છે કે બધા તારાથી ઈમ્પ્રેસ થઇ જાય. ચોખ્ખાઈમાં તો તું જ નંબર વન!’’

આવી એક વાક્યની નાની અમથી પ્રશંસા માણસને પ્રસન્ન કરી મૂકે છે. પરિણામે ધારેલાં કામ કરી શકે છે.

ભૌતિક સુખ પાછળ દોટ મૂકતા શિલ્પા જેવા પણ છે. જયારે આ યુગમાં હજીય પોતે સુખી થવા નહીં પણ બીજાને સુખી કરવા પરણનાર આદર્શ સ્ત્રી-પુરુષો આપણે ત્યાં છે. અંજુના વિવાહ થયા પછી ખબર પડી કે એના વરને રાત્રે દેખાતું નથી અને દિવસે પણ ખૂબ ઓછું દેખાય છે અને ગમે ત્યારે એ અંધ થઇ જશે. ઘડીભર તો અંજુ આંચકો ખાઈ ગઇ પણ પછી એણે નક્કી કર્યું કે અત્યારથી જ નોકરી કે કોઇ ગૃહઉદ્યોગ શરૂ કરીને કમાવા માંડું જેથી પતિને માથે કોઇ ભાર ન રહે. કોઇ ચિંતા ન રહે અને અમારો સંસાર નિરાંતે ચાલે.

જાહેરાતથી થયેલા લગ્ન પછી રેશ્માને ખબર પડી કે એના બે દિયરો ગાંડા છે. જે હકીકત તેનાં સાસરિયાંએ છુપાવી હતી.

મા-બાપ ઉશ્કેરાઈ ગયાં અને છૂટાછેડા લઈ લેવા તૈયાર થયાં. આવા ગાંડાની જવાબદારી દીકરી શું કામ સંભાળે પણ પછી રેશ્મા બોલી- ‘‘મારું નસીબ. તમે ચિંતા ન કરો - હું મારી ફરજ બજાવીશ-’’

તો વાચકમિત્રો! લગ્નગ્રંથિથી જોડાવવાથી પતિ-પત્ની તો બની જવાય પણ દામ્પત્યજીવનને સુખી બનાવવું એ લગ્નજીવનનો મુખ્ય પાયો છે અને તે સુખી બનાવવા પુરુષાર્થ આદરવા પડે. ફકત તું તું મૈં-મૈં કરવાથી લગ્નજીવન સુખી ન બને. બંને પક્ષે થોડું સહન, લેટ ગો કરવું પડે, ત્યારે આ લગ્નનો લાડવો ખાવાનો સહેલો પડી જાય. સુખી થવું એ બીજા કોઈ પર નથી. લગ્ન મૈત્રીનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. એમાં કોઈ ચડિયાતું નથી, કોઈ ઊતરતું નથી. કમ ખાના ઔર ગમ ખાના-સહનશીલ બનો. સુખ દોડતું આવશે!

### સુવર્ણરજ

વેદનાઓ વેદ બને ગીત એવું ગાજે
શોકને બનાવી શ્લોક, જીવન શણગારજે.